# મહેસૂલી કર્મીઓની હડતાળ, વિદ્યાર્થીઓ અટવાયા

**PG પ્રવેશના અંતિમ દિવસે વિદ્યાર્થીઓ અટવાયા, 8 જનસેવા કેન્દ્રો પર કામગીરી ઠપ**

**આવક-નોન ક્રિમિલેયર સહિતના દાખલા માટે અરજદારોના ધક્કા**



સુરતઃ સુરત જિલ્લામાં મહેસૂલી વિભાગના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ શરૂ થતાં સરકારી વહીવટી કામગીરીને મોટો ફટકો પડ્યો છે. અંદાજે 500 કર્મચારીઓએ પેન ડાઉન આંદોલન શરૂ કરતાં શહેરના તમામ 8 જનસેવા કેન્દ્રોની કામગીરી પર સીધી અસર પડી છે. ખાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) પ્રવેશ પ્રક્રિયાના અંતિમ દિવસે આવક અને નોન-ક્રિમિલેયર જેવા જરૂરી દાખલા મેળવવા માટે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

PGમાં પ્રવેશ માટે જરૂરી દસ્તાવેજો મેળવવા અનેક વિદ્યાર્થીઓ છેલ્લા ચાર દિવસથી જનસેવા કેન્દ્રો અને સંબંધિત કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા હતા. આજે પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ દિવસ હોવાથી વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. મહેસૂલી કર્મચારીઓની હડતાળને કારણે દાખલા કાઢવાની કામગીરી અટકી જતાં કેટલાક વિદ્યાર્થીઓના પ્રવેશનું શું થશે તે અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. વિદ્યાર્થીઓ માટે પ્રવેશની સમયમર્યાદા નિશ્ચિત હોય છે, જ્યારે સરકારી દાખલા મેળવવાની પ્રક્રિયા મહેસૂલી તંત્ર સાથે સીધી રીતે જોડાયેલી છે. આવી સ્થિતિમાં હડતાળ અને પ્રવેશની અંતિમ તારીખ એકસાથે આવતાં વિદ્યાર્થીઓને સૌથી વધુ નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. શહેરના 8 જનસેવા કેન્દ્રો પર સામાન્ય દિવસોમાં આવકના દાખલા, નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ સહિત વિવિધ સરકારી સેવાઓ માટે અરજદારોની ભીડ જોવા મળે છે. જોકે હડતાળના કારણે કામગીરી ઠપ થતાં અરજદારોને કચેરી સુધી પહોંચ્યા બાદ પણ કોઈ ઉકેલ મળતો નથી. દસ્તાવેજો મેળવવા આવેલા લોકોમાં વિદ્યાર્થીઓ ઉપરાંત નોકરી, શૈક્ષણિક પ્રવેશ, સરકારી યોજનાઓ અને અન્ય વહીવટી પ્રક્રિયા માટે દાખલા જરૂરી હોય તેવા અરજદારોનો પણ સમાવેશ થાય છે. કામગીરી બંધ રહેતાં તેમને ફરીથી કચેરીના ધક્કા ખાવાની સ્થિતિ સર્જાઈ છે.

### કલેક્ટરથી તાલુકા કચેરી સુધી વહીવટી કામગીરીને અસર

મહેસૂલી કર્મચારીઓના બહિષ્કારની અસર માત્ર જનસેવા કેન્દ્રો પૂરતી મર્યાદિત રહી નથી. સુરત કલેક્ટર કચેરી, પ્રાંત કચેરીઓ અને તાલુકા મામલતદાર કચેરીઓમાં પણ રોજિંદી કામગીરી ખોરવાઈ છે. ઈ-ધરા કેન્દ્રો, જમીન સંબંધિત કામગીરી, વારસાઈ નોંધ, દસ્તાવેજી પ્રક્રિયા અને સિટી સરવે વિભાગ સાથે જોડાયેલી સેવાઓ પર પણ તેની અસર જોવા મળી રહી છે. વિવિધ અરજીઓની પ્રક્રિયા અટકતાં કચેરીઓમાં પેન્ડિંગ કામનો ભાર વધવાની શક્યતા છે. નાયબ મામલતદાર, ક્લાર્ક અને તલાટી સહિતના કર્મચારીઓ કામગીરીથી અળગા રહેતાં મહેસૂલી તંત્રની દૈનિક કામગીરી પર સીધી અસર પડી છે.

### સંતોષકારક ઉકેલ નહીં આવે તો આંદોલન ઉગ્ર બનવાની ચીમકી

કર્મચારી આગેવાનોએ સરકારને સ્પષ્ટ ચીમકી આપી છે કે પડતર માંગણીઓનો તાત્કાલિક અને સંતોષકારક ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આથી હડતાળ લાંબી ચાલે તો તેની સીધી અસર મહેસૂલી સેવાઓ ઉપરાંત જમીન અને પ્રમાણપત્ર સંબંધિત વિવિધ સરકારી કામગીરી પર પડી શકે છે.

# પ્રેમપ્રકરણની સજા ભોગવ્યા બાદ પણ સુરત બદલી કેમ?: મહિલા ASI હાઈકોર્ટમાં

**વિભાગીય સજા બાદ એ જ આક્ષેપોના આધારે બદલી કરાતા 'ડબલ જેપર્ડી'નો આક્ષેપ : DGPને હાઈકોર્ટની નોટિસ, 23મી નવેમ્બરે સુનાવણી**

અમદાવાદઃ અમદાવાદ ગ્રામ્યમાં ફરજ બજાવતી 35 વર્ષીય મહિલા આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર (ASI)ની સુરત જિલ્લામાં કરાયેલી બદલીનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. અરજીમાં જણાવ્યા મુજબ, મહિલા એએસઆઇ અને અમદાવાદ ગ્રામ્યમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા એક પુરુષ કર્મચારી વચ્ચે વ્યક્તિગત સંબંધ હોવાના આક્ષેપો ડ્રાઈવરની પત્ની સાથેના વૈવાહિક વિવાદ દરમિયાન સામે આવ્યા હતા. ડ્રાઈવરની પત્નીએ અમદાવાદ ગ્રામ્ય મહિલા પોલીસ મથકમાં ઘરેલુ હિંસા અને દહેજ ઉત્પીડન સહિતની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં પતિના કથિત અનૈતિક સંબંધને વૈવાહિક વિવાદનું કારણ ગણાવવામાં આવ્યું હતું. આ ફરિયાદોના પગલે પોલીસ વિભાગે બંને કર્મચારીઓ સામે વિભાગીય તપાસ હાથ ધરી હતી. તપાસમાં બંનેને ગેરવર્તણૂક બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પોલીસ અધિક્ષક દ્વારા બે વર્ષના ઈન્ક્રીમેન્ટ રોકવાની સજા ફટકારવામાં આવી હતી. ત્યારબાદ રજૂઆત થતાં આ સજા ઘટાડીને એક વર્ષના ઈન્ક્રીમેન્ટ રોકવા સુધી મર્યાદિત કરવામાં આવી હતી. બંને કર્મચારીઓએ આ સજા સ્વીકારી લીધી હતી અને તેને પડકારી નહોતી. આ મામલે ડ્રાઈવરની પત્ની તરફથી વારંવાર ફરિયાદો મળતી રહી હતી. ત્યારબાદ પોલીસ અધિક્ષકે સમગ્ર મામલો રાજ્યના ગૃહ વિભાગ અને ડીજીપી સમક્ષ રજૂ કર્યો હતો. મે-2025માં ડીજીપી દ્વારા બંને કર્મચારીઓને અમદાવાદ જિલ્લામાંથી બહાર બદલી કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમાં મહિલા એએસઆઈની સુરત અને પુરુષ કર્મચારીની કચ્છ ખાતે બદલી કરવામાં આવી હતી.

### 'વહીવટી બદલી નહીં, અગાઉની સજાનું પુનરાવર્તન'

હાઈકોર્ટ સમક્ષ મહિલા ASI તરફથી મુખ્ય દલીલ કરવામાં આવી હતી કે તેમની સુરત બદલીને સામાન્ય વહીવટી બદલી તરીકે જોવી યોગ્ય નથી. અરજદારનો દાવો છે કે જે આક્ષેપો અને FIRના આધારે અગાઉ વિભાગીય કાર્યવાહી થઈ ચૂકી છે અને તેની સજા પણ ભોગવાઈ ચૂકાઈ છે, એ જ આધાર પર ફરીથી બદલી કરવાનો નિર્ણય લેવાયો છે. આ રીતે બદલીનો આદેશ મૂળ વિભાગીય સજાના જ આક્ષેપોને આધારે કરવામાં આવેલી વધારાની સજા બની જાય છે. તેથી આ કાર્યવાહી 'એકજ ગુના માટે બેવડી સજા'ના સિદ્ધાંતથી વિરુદ્ધ હોવાની તેમજ વહીવટી સત્તાનો રંગ બદલાવીને ઉપયોગ કરવામાં આવ્યો હોવાની રજૂઆત કરવામાં આવી છે.

**ચાર વર્ષમાં આ વખતે પાણીની આવક ઓછી રહી**

# આ વર્ષે ઉકાઈના ગેટ ખૂલ્યા જ નહીં, વીજ ઉત્પાદનમાં મોટો ઘટાડો

**ગત વર્ષે 45.76 કરોડની સામે આ વર્ષે વીજ ઉત્પાદન માત્ર 17.89 કરોડ યુનિટ**

સુરતઃ ઉકાઈ ડેમમાં પાણીની આવક ઘટવાની સીધી અસર હાઈડ્રો પાવર જનરેશન પર જોવા મળી છે. છેલ્લા ચાર વર્ષના આંકડા પ્રમાણે 2026માં ઉકાઈમાંથી માત્ર 178.944 મિલિયન યુનિટ (MU) એટલે કે આશરે 17.89 કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન થયું છે, જે 2023થી 2026 દરમિયાન સૌથી ઓછું છે. પાણીની આવક અને ડેમમાંથી પાણીની જાવક પણ આ વર્ષે ચાર વર્ષની સરખામણીએ સૌથી નીચી રહી છે. આ વખતે ડેમનો એક પણ ગેટ ખોલાયો નથી.

### છેલ્લાં ચાર વર્ષમાં ઉકાઈમાં કુલ પાણીની આવક અને જાવક તથા વીજળી ઉત્પન્ન કરાઈ

| વર્ષ | આવક(MCM) | જાવક(MCM) | વીજ ઉત્પાદન યુનિટ |
|---|---|---|---|
| 2023 | 7,770 | 3,662.89 | 22.26 કરોડ |
| 2024 | 14,731 | 9,982.11 | 39.80 કરોડ |
| 2025 | 13,165 | 9,226.37 | 45.76 કરોડ |
| 2026 | 5,152.23 | 2,048 | 17.89 કરોડ |

જેટલું પાણી છોડાયું તે માત્ર વીજળી ઉત્પન્ન કરવા છોડાયું છે. 2026માં ઉકાઈ ડેમમાં કુલ 5,152.23 એમસીએમ પાણીની આવક થઈ હતી. તેની સામે 2023માં 7,770 એમસીએમ, 2024માં 14,731 એમસીએમ અને 2025માં 13,165 એમસીએમ પાણીની આવક નોંધાઈ હતી. આમ, 2025ની સરખામણીએ 2026માં પાણીની આવકમાં આશરે 8,013 એમસીએમ એટલે કે 60.9 ટકાનો ઘટાડો થયો છે. 2024ની સરખામણીએ તો આવકમાં લગભગ 65 ટકાનો ઘટાડો નોંધાય છે. 2026માં 2,048 એમસીએમ પાણીની જાવક સામે 2023માં 3,662.89 એમસીએમ, 2024માં 9,982.11 એમસીએમ અને 2025માં 9,226.37 એમસીએમ પાણીની જાવક રહી હતી. 2025ની સરખામણીએ આ વર્ષે પાણીની જાવકમાં 77.8 ટકાનો ઘટાડો થયો છે.

# નવરાત્રિ-દિવાળીની રજામાં ગુજરાતનાં જંગલો પ્રવાસીઓ માટે ખુલ્લાં મુકાશે

**9 ઓક્ટોબરથી રાજ્યનાં તમામ અભયારણ્ય અને નેશનલ પાર્કમાં પ્રવાસીઓને પ્રવેશ**

**વરસાદી સિઝન પૂર્ણ થતાં રસ્તાઓ પણ અનુકૂળ બન્યા, સ્થાનિકોને રોજગારીની તક વધશે**

**રણથંભોર, સરિસ્કા, બંદિપુર સહિત દેશનાં 9 પ્રતિષ્ઠિત વન્ય વિસ્તાર 1 ઓક્ટોબરથી જ ખુલ્લા**

ગાંધીનગરઃ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં ગુજરાતના જંગલોની સફર કરવા માંગતા પ્રવાસીઓ માટે ખુશખબર છે. રાજ્યના તમામ અભયારણ્ય અને નેશનલ પાર્ક આગામી 9 ઓક્ટોબર, 2026થી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાશે. વરસાદી સિઝન પૂર્ણ થયા બાદ અભયારણ્યો અને નેશનલ પાર્કમાં રોડ-રસ્તાની સ્થિતિ પ્રવાસન માટે અનુકૂળ બનતાં વન વિભાગે આ નિર્ણય લીધો છે.

સચિવાલયના વન વિભાગના જણાવ્યા મુજબ, પ્રવાસીઓને વન્યજીવોને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે રીતે નિર્ધારિત માર્ગદર્શિકા અને નિયમો મુજબ જ પ્રવેશ આપવામાં આવશે. તહેવારોની રજાઓ દરમિયાન દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ગુજરાતના વન્ય વિસ્તારોની મુલાકાત લે તેવી શક્યતા હોવાથી વન વિભાગે પ્રવાસન વ્યવસ્થાને પણ સુદૃઢ બનાવવાની તૈયારી કરી છે. અભયારણ્ય અને નેશનલ પાર્ક ખુલ્લા થવાથી વન્યજીવન નિહાળવા આવતા પ્રવાસીઓને લાભ મળવાની સાથે આ વિસ્તારોમાં પ્રવાસન આધારિત નાના-મોટા વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિકોને પણ રોજગારી અને આવકની નવી તકો મળશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતની સરખામણીએ દેશનાં કેટલાક પ્રતિષ્ઠિત વન્ય વિસ્તારોમાં પ્રવાસીઓ માટે પ્રવેશ અગાઉથી જ શરૂ થઈ ગયો છે.

રણથંભોર ટાઈગર રિઝર્વ અને સરિસ્કા ટાઈગર રિઝર્વ (રાજસ્થાન), સાતપુરા ટાઈગર રિઝર્વ (મધ્યપ્રદેશ), બંદિપુર અને નાગરહોલ ટાઈગર રિઝર્વ (કર્ણાટક), પેન્ચ ટાઈગર રિઝર્વ તથા તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વ (મહારાષ્ટ્ર) સહિત આશરે 9 વન્ય વિસ્તારો 1 ઓક્ટોબરથી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાયા છે.

# વડનગરમાં 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'નું ભવ્ય સમાપન

**'We Will Do It'ના સંકલ્પ સાથે ગુજરાતની યુવા શક્તિ વિકસિત ભારત માટે અગ્રેસર રહેશેઃ સીએમ ભૂપેન્દ્ર પટેલ**

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નીકળેલી 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'નો વડનગરમાં ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. વારાણસીથી શરૂ થયેલી આ યાત્રામાં 500 જેટલા બાઈકર્સે 10 રાજ્યોનાં સેંકડો ગામો અને શહેરોમાં પ્રવાસ કરી સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, નશામુક્તિ અને જનસંવાદ સહિતના સેવા કાર્યો કર્યા હતા.

સમાપન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ રાજ્યોમાંથી આવેલા બાઈકર્સ અને સેવા યાત્રીઓનું મહાનુભાવોએ સન્માન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વિકસિત ભારત-2047ના સંકલ્પને સાકાર કરવા ગુજરાતની યુવા શક્તિ 'We Will Do It'ના સંકલ્પ સાથે આગળ વધશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સંબોધનો કર્યા હતા. યાત્રા દરમિયાન વડનગરના શર્મિષ્ઠા તળાવનું પવિત્ર જળ વારાણસીના કાશી વિશ્વનાથ સુધી પહોંચાડવામાં આવ્યું હતું. જ્યારે વારાણસીથી લાવવામાં આવેલા પવિત્ર જળથી વડનગરના ઐતિહાસિક હાટકેશ્વર મહાદેવનો જળાભિષેક કરવામાં આવ્યો હતો.

# સોનગઢના વૃદ્ધના અંગદાનથી ત્રણ દર્દીને નવજીવન મળશે

**લિવર અને બંને કિડનીનું દાન કરી પરિવારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું**



સુરત, સોનગઢના ટાપરવાડા ગામના ટેમ્કા બસ સ્ટોપ ખાતે રહેતા 67 વર્ષીય રમણભાઈ સાદડીયાભાઈ ગામીત ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત તા.5 ઓક્ટોબરના રોજ સવારે આશરે 6:30 વાગ્યે તેઓ પોતાના ઘરના ઓટલા પરથી પડી જતાં માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તબીબોની સલાહથી તેમને વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલમાં ગંભીર હાલતમાં દાખલ કરાયેલા રમણભાઈને સારવાર માટે આઈ.સી.યુ.માં ખસેડવામાં આવ્યા હતા. તબીબોની અથાક સારવાર છતાં તેમની તબિયતમાં સુધારો થયો નહોતો. અંતે બુધવારે બપોરે આર.એમ.ઓ. ડો.લક્ષ્મણ તાહિલિયાણી, ડો.નિલેશ કાછડિયા, ન્યૂરોસર્જન ડો.કેયુર પ્રજાપતિ અને ન્યૂરોલોજિસ્ટ ડો.જય પટેલની ટીમે તબીબી પ્રોટોકોલ મુજબ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. રમણભાઈના બ્રેઈન ડેડ જાહેર થયા બાદ ડો.કેતન નાયક, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકર ઈકબાલ કડીવાલા તેમજ અન્ય કાઉન્સેલરો, મેડિકલ ઓફિસરો અને નર્સિંગ સ્ટાફે પરિવારજનોને અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. પરિવારજનોએ દુઃખની ઘડીમાં પણ માનવતાભર્યો નિર્ણય લઈ અંગદાન માટે સંમતિ આપી હતી. પરિવારની સંમતિ બાદ રમણભાઈનાં લિવર અને બંને કિડનીનું દાન કરવામાં આવ્યું હતું. તેમનાં અંગો જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ માટે ઉપયોગમાં લેવાશે. એક તરફ પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે, ત્યારે બીજી તરફ અંગદાનના નિર્ણયથી ત્રણ દર્દીઓના જીવનમાં નવી આશા જાગી છે.

# ઔદ્યોગિક તાકાતનું જોડાણ, દ.ગુ. ચેમ્બર અને બોમ્બે ઈન્ડસ્ટ્રિઝ એસો. વચ્ચે MOU

**ચેમ્બર અને BIAનો ફાઇનાન્સ અને મેન્યુફેક્ચરિંગની તાકાત સાથે દેશના અર્થતંત્રને ગતિ આપવાનો સંકલ્પ**




સુરતઃ મુંબઈ અને સુરતને સ્પર્ધક નહીં, પરંતુ એક જ સિક્કાની બે બાજુ ગણાવીને બંને શહેરોની ઔદ્યોગિક તાકાતને જોડવાના ઉદ્દેશ સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને બોમ્બે ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન વચ્ચે ઐતિહાસિક સમજૂતી કરાર થયો છે. મુંબઈના અંધેરી (વેસ્ટ) સ્થિત 'ધ ક્લબ' ખાતે યોજાયેલા 'SGCCI બિઝનેસ ડેલિગેશન ટુ મુંબઈ' કાર્યક્રમમાં બંને સંસ્થાઓ વચ્ચે MoUના દસ્તાવેજોનું આદાનપ્રદાન કરાયું હતું.

ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "મુંબઈ અને સુરત એક જ સિક્કાની બે મજબૂત બાજુ છે. મુંબઈ ફાઈનાન્સ, ગ્લોબલ કનેક્ટિવિટી અને મોટા બજારનું કેન્દ્ર છે, જ્યારે સુરત ઉત્પાદન શક્તિ, સાહસિકતા અને પરિશ્રમનું પાવરહાઉસ છે. બંનેની શક્તિ અને ક્ષમતા જોડાશે ત્યારે નવી તકો ઊભી થશે." તેમણે જણાવ્યું કે SGCCIના 86 વર્ષના ઔદ્યોગિક અનુભવ અને BIAની 78 વર્ષની પરંપરા વચ્ચેનો આ સહયોગ માત્ર MoU પૂરતો મર્યાદિત નહીં રહે. બંને સંસ્થાઓ દ્વારા બિઝનેસ ડેલિગેશન, વન-ટુ-વન મીટિંગ્સ, ઈન્ડસ્ટ્રી વિઝિટ્સ અને નોલેજ શેરિંગના કાર્યક્રમો યોજાશે. MoU માટે SGCCIના પુનિત ગજેરા અને BIAના નયન ભેડાના પ્રયાસોની સરાહના કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બિઝનેસ સેશન, નેટવર્કિંગ અને નોલેજ સત્રો યોજાયા હતા. ત્યારબાદ પરિવારજનો સાથે નવરાત્રી સેલિબ્રેશનનું આયોજન કરાયું હતું. ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ, માનદ્ મંત્રી પરેશ લાઠીયા સહિત બંને સંસ્થાના હોદ્દેદારો અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના પૂર્વ સાંસદ, કોંગ્રેસ અગ્રણી વીરજી ઠુમ્મરનું નિધન

અમદાવાદઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા, પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય અને સહકારી ક્ષેત્રના અગ્રણી વીરજીભાઈ ઠુમ્મરના નિધનથી કોંગ્રેસમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના નિધન અંગે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારી સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ પણ વીરજીભાઈ ઠુમ્મરને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે કોંગ્રેસે એક વરિષ્ઠ યોદ્ધાને ગુમાવ્યા છે. સહકારી ક્ષેત્ર હોય કે કોંગ્રેસ સંગઠનની કામગીરી, વીરજીભાઈ ઠુમ્મરે હંમેશાં અસરકારક નેતૃત્વ આપ્યું હતું. લાંબા જાહેર જીવન દરમિયાન તેમણે ખેડૂતો, સહકારી ક્ષેત્ર અને સામાન્ય જનતાના હિત માટે સતત કાર્ય કર્યું હતું. તેમના અવસાનથી કોંગ્રેસ પરિવાર તેમજ ગુજરાતના જાહેર જીવનમાં મોટી ખોટ પડી છે. તેમના માર્ગદર્શન અને કોઠાસૂઝના કારણે કોંગ્રેસ પરિવારને એકજૂટ રાખવામાં તેઓ સફળ રહ્યા હતા.

# ઉત્રાણને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાનું કાર્ય પૂરજોશમાં શરૂ

**યાર્ડ રિમોડલિંગ અને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગની કામગીરી હાથ ધરાઈ**

**સુરત રેલવે સ્ટેશન પરનું ભારણ ઘટશે**

સુરતઃ સુરત અને દક્ષિણ ગુજરાતના રેલવે મુસાફરો માટે એક મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત-વડોદરા સેક્શન પર આવેલા ઉત્રાણ રેલવે સ્ટેશનને આધુનિક સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકસાવવાનું મહત્વપૂર્ણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગ અને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગની કામગીરી જોરશોરથી હાથ ધરવામાં આવી છે, જેનાથી ભવિષ્યમાં રેલવે સેવાઓ વધુ સક્ષમ બનશે.

ઉત્રાણ સ્ટેશનને સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકસાવવા પાછળનો મુખ્ય હેતુ સુરત મુખ્ય રેલવે સ્ટેશન પર વધતા જતા પેસેન્જર અને ટ્રેનોના ભારણને નોંધપાત્ર રીતે ઘટાડવાનો છે. વર્તમાન સમયમાં સુરત સ્ટેશન પર સતત વધતા ટ્રાફિકને કારણે ટ્રેનોના સંચાલનમાં પડકારો ઊભા થતા હોય છે. ઉત્રાણનો વિકાસ થવાથી ઘણી ટ્રેનોનું સંચાલન અહીંથી થઈ શકશે, જેનાથી મુખ્ય સ્ટેશન પરનું દબાણ હળવું થશે અને મુસાફરોને પણ આવાગમનમાં મોટી સરળતા રહેશે. આ વિકાસ કાર્યના ભાગરૂપે યાર્ડ રિમોડલિંગ અને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ થવાથી સ્ટેશનની ટ્રેન હેન્ડલિંગ ક્ષમતામાં મોટો વધારો થશે. અત્યાધુનિક સિગ્નલિંગ અને ટ્રેક મેનેજમેન્ટ સિસ્ટમ્સ લાગુ થવાથી સ્ટેશનની ઓપરેશનલ કાર્યક્ષમતામાં ક્રાંતિકારી સુધારો આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સુરત સેક્શન પર ટ્રેનોની આવન-જાવન વધુ ઝડપી, સુરક્ષિત અને ચોક્કસ સમયપત્રક મુજબ થઈ શકશે, જેનો સીધો લાભ લાખો મુસાફરોને મળશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરત બન્યું...

થઈ ગઈ છે. બે-બે ત્રણ-ત્રણ દિવસ સુધી કચરો ઉપાડવામાં આવતો નથી. કેટલીક શેરીઓમાં તો સફાઈ કામદારો દ્વારા દર્શન પણ આપવામાં આવતા નથી. જેને કારણે પારાવાર ગંદકી જોવા મળી રહી છે. કમિ. રાજકુમાર બેનિવાલને અધિકારીઓ ઉલ્લું બની રહ્યા છે અને તેની સજા હવે સુરતીઓ ભોગવી રહ્યા છે.

પ્લેગ આવ્યા બાદ સુરત શહેરમાં એવી રીતે સફાઈ થઈ હતી કે જે તે સમયે સુરત આખા દેશમાં બીજા ક્રમનું સ્વચ્છ શહેર ગણાયું હતું. તે સમયની સુરતની સ્વચ્છતા આખા વિશ્વને દેખાઈ હતી.

પ્લેગ પછી સુધરેલા સુરતને કારણે સુરત શહેરે જે પ્રગતિ કરી તેની વૈશ્વિક લેવલે નોંધ લેવાઈ હતી. સુરતને ચોથા ક્રમનું વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું શહેર ગણાવવામાં આવ્યું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી સુરતની હાલત સફાઈના મામલે બગડી ગઈ છે અને તેમાં પણ સ્વચ્છતામાં પ્રથમ ક્રમ લેવાની હોડમાં સફાઈ માત્ર કાગળો પર જ કરવામાં આવી રહી છે. જમીન પર સફાઈ દેખાતી જ નથી. આગામી દિવસોમાં કયા ઝોનમાં કયા નાયબ આરોગ્ય અધિકારી ફરજ બજાવી રહ્યા છે તેની વિગતો પણ રજૂ કરવામાં આવશે.

### ગાર્ડન વેસ્ટ...

આપવામાં આવે છે પરંતુ આ વેસ્ટને ઉપાડવાની વાત કરવામાં આવતી નથી. માત્ર કાગળો પર જ વાહનો ચલાવીને નાણાં ઉસેટી લેવામાં સુરત મનપાના જે તે ઝોનનું આરોગ્ય ખાતું 'માસ્ટર' થઈ ગયું છે.

### રોજ સફાઈ...

પાલ જેવા પોશ એરિયાની વાત થઈ, અન્ય વિસ્તારોની હાલત એવી છે કે તેની વાત જ શું કરવી!, કચરાના ઢગલાઓ ગંધાવા માંડે ત્યાં સુધી તેને ઉપાડનાર કોઈ નથી. મક્કાઈ પુલના છેડે અડાજણ તરફ રોજ પારાવાર ગંદકી કરવામાં આવે છે પરંતુ આરોગ્યના કોઈ અધિકારીને ત્યાં જવાની પડી નથી.

### સ્મિત મચ્છર...

હાલ પારિવારિક વ્યવસાયમાં જોડાયેલા કેપ્ટન ધવલ વિદ્યાર્થીકાળથી કેપ્ટન સ્મિતના સાથી છે. લગભગ બે દાયકા જૂની દોસ્તીમાં એક જ સ્થળે ટ્યુશન જવાથી માંડીને ન્યૂઝીલેન્ડ ખાતેની મેઈનલેન્ડ એર ફ્લાઈંગ ક્લબની ટ્રેનિંગ સુધીના અનુભવો વણાયેલા છે. યોગાનુયોગ એવો કે સ્પાઈસ જેટની સર્વિસ દરમિયાન કેપ્ટન સ્મિત પોતાના જ મિત્ર ધવલ પટેલના સિનીયર હતા. એટલું જ નહિ પણ ધવલભાઈને પાઈલટની ટ્રેનિંગમાં મહત્વનું સોપાન ગણાતું 'કેપ્ટન ફોર્થ સ્ટ્રીપ' કેપ્ટન સ્મિતના જ વરદ હસ્તે એનાયત થયેલું.

### 'CLEAR' સ્ટ્રેટેજીએ બચાવ્યા!

એવિયેશન ટેકનોલોજી બાબતે કેપ્ટન સ્મિત મચ્છરની છાપ અત્યંત બાહોશ અને જાણકાર ટેકનોક્રેટ તરીકેની છે. અન્ય પાઈલટ્સને કોઈ પણ પ્રકારની ટેકનિકલ સમસ્યા આવે તો એ લોકો કેપ્ટન સ્મિતને જ પૂછવાનું પસંદ કરે. લોકો સમસ્યા આવે ત્યારે પ્લાન-એ અને પ્લાન-બી તૈયાર રાખવાની વાતો કરે છે. પણ કેપ્ટન સ્મિત પ્લાન-સી અને પ્લાન-ડી સુધીનું લાંબુ વિચારી રાખે. જે ટેકનિકલ બૌદ્ધિક ક્ષમતા અને કોઠાસૂઝનો અનોખો સમન્વય સૂચવે છે. તેઓ ગમે એવા કપરા સંજોગોમાં CLEAR સ્ટ્રેટેજીને વળગી રહે છે.

જેનો અર્થ થાય Clearity, Look for options, Evaluate, Act અને Review. અર્થાત સમસ્યા અંગે સ્પષ્ટતા મેળવવી, સંજોગો પર ધ્યાન રાખવું, મૂલ્યાંકન કરતા રહેવું, વિચાર ઉપર અમલ કરવો અને ઘટનાક્રમની સમીક્ષા કરતાં રહેવું. વળી કટોકટી સમયે આ બધું થોડી સેકન્ડ્સમાં કરી લેવાની ક્ષમતા કેળવવી. 30 સપ્ટેમ્બરની ઘટના સમયે આ જ સ્ટ્રેટેજી કામ લાગી હશે.

### પુત્રને ખોળામાં...

ફરતા રહેતા કેપ્ટન સ્મિત સંતાનોને સારા સંસ્કાર આપવા બાબતે પણ કટિબદ્ધ છે. ઘરે હોય એ વખતે તેઓ પોતાના નાના પુત્રને ખોળામાં બેસાડીને હનુમાનચાલીસા વાંચવાનું પસંદ કરે છે.

### એક વાર...

આવી જાય. પણ કેપ્ટન સ્મિતે શાંત રહીને પરિસ્થિતિને સફળતાપૂર્વક હેન્ડલ કરી, અને ફ્લાઈટને નિયત સ્થળે લેન્ડ કરાવી. 30 સપ્ટેમ્બરની ઘટનામાં પણ આખો ખેલ માંડ ત્રણ-ચાર મિનીટનો હશે. નાઈન ઈલેવનના આતંકી હુમલા પછી દરેક પાઈલટને ગમે એવા કપરા સંજોગોમાં ય કોકપીટનો દરવાજો ન ખોલવાનો આદેશ હોય છે.

જેથી હાઈજેકર પાઈલટ્સને કાબૂમાં ન લઇ શકે. પણ આ વખતે તો હુમલો કોકપિટની અંદર જ થયો! એવા સમયે રૂલબુક સિવાયનો વિકલ્પ ખોળવા માટે કેપ્ટનને માંડ બે મિનીટ મળી હશે. આટલા ટૂંકા સમયમાં એમણે ત્વરિત નિર્ણય લઈને કોકપિટ ખોલી, એમાં ૧૭૪ જિંદગીઓ બચી ગઈ. પ્રવર્તમાન પરિસ્થિતિ જોતા સમજાય છે કે જો આતંકી ઘટના સફળ થઇ હોત તો વિશ્વ બહુ મોટી અશાંતિ તરફ ધકેલાયું હોત! કેપ્ટન સ્મિતને જેટલી સેલ્યુટ કરીએ એટલી ઓછી!

### માંડવીમાં રાત્રે...

ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ સહિતનો આખો વહીવટી કાફલો રાત્રે જ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બારડોલી અને સુરત ફાયર વિભાગની ટીમોએ ભારે જહેમત બાદ ગેસ લીકેજ બંધ કરી પરિસ્થિતિ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. હાલમાં ટેક્નિકલ ટીમ દ્વારા ગેસ લીકેજ પાછળની ચોક્કસ ખામી અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

### નવરાત્રિના આયોજકો...

પણ આયોજકો સામે લાલ આંખ કરી છે. મોટા પ્રોફેશનલ આયોજનો કરી લાખો-કરોડો રૂપિયા કમાતા અને હજારો રૂપિયાની ઊંચી કિંમતે એન્ટ્રી પાસ વેચનારા આયોજકો હવે જીએસટી વિભાગની ખાસ નજર હેઠળ આવી ગયા છે. પાછલા વર્ષોમાં મોટા પ્રમાણમાં ટેક્સ ચોરી થતી હોવાનું સામે આવતા આ વર્ષે વિભાગે અત્યારથી જ કમર કસી છે.

### આ વર્ષે...

દ્વારા આયોજકોના સ્પોન્સરશિપ, પાસના વેચાણ, ફૂડ કોર્ટના કોન્ટ્રાક્ટ્સ અને ખર્ચ-આવકના હિસાબો પર પહેલેથી જ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. વિભાગના આ કડક રૂખને કારણે ટેક્સ ચોરી કરતા આયોજકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

### શેરબજારના...

અડાજણ સંજીવ કુમાર ઓડિટોરિયમ પાસે આવેલી કિસ હાઇટ્સ બિલ્ડિંગમાં રહેતા 49 વર્ષીય પ્રમોદભાઈ નાનાલાલ પટવા રિંગ રોડ આઈટીસી બિલ્ડિંગ તથા અડાજણ એલ.પી. સવાણી રોડ પર આવેલી પેસિફિક સોલિટેર બિલ્ડિંગની દુકાન નંબર-908માં 'ઈન્ડેક્સ ક્રીઝ પ્રાઇવેટ લિમિટેડ' નામે શેરબજારની ઓફિસ ચલાવે છે.

અડાજણવાળી ઓફિસમાં તેમનો 27 વર્ષીય પુત્ર આગમ પટવા બેસે છે. ગત તા. 05 ઓક્ટોબરના રોજ પિતૃ શ્રાદ્ધની વિધિ હોવાથી પરિવાર ઘરે હતો. તે વખતે રિંગ રોડ ઓફિસના કર્મચારી હાર્દિક મહેતાએ મેસેજ કરી 'અમુલભાઈ' નામના શખ્સ મળવા આવ્યા હોવાનું જણાવતાં આગમે તેની સાથે ફોન પર વાત કરી શ્રાદ્ધ પત્યા બાદ બીજા દિવસે મળવા જણાવ્યું હતું.

### બિલ ચૂકવ્યા...

પિતાએ ફોન કર્યો તો આગમનો મોબાઈલ સ્વિચ ઓફ આવતો હતો. ચિંતાતુર પિતાએ હોટલ, બીજી ઓફિસ તથા સગા-સંબંધીઓમાં તપાસ કરી પણ આગમનો કોઈ પત્તો લાગ્યો નહોતો. આખરે ઓફિસ આસપાસના સીસીટીવી કેમેરા ચકાસતાં એક બ્લેક કલરની કારમાં આ બંને અજાણ્યા ઈસમો આગમને બેસાડીને લઈ જતા નજરે પડ્યા હતા.

### ઓફિસે...

સોલિટેર ઓફિસનું લોકેશન મોકલ્યું હતું. સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં અમુલભાઈ અને તેનો અન્ય એક અજાણ્યો સાથીદાર ઓફિસે આવ્યા હતા. જ્યાં પિતા પ્રમોદભાઈ અને પુત્ર આગમ સાથે શેરબજારના ધંધા અંગે લાંબી ચર્ચા થઈ હતી. બપોરે એક વાગ્યે જમવાનો સમય થતાં પ્રમોદભાઈના કહેવાથી આગમ આ બંને અજાણ્યા શખ્સોને મધુવન સર્કલ પાસે આવેલી 'કંસાર' હોટલમાં જમવા લઈ ગયો હતો.

### પોલીસે...

શર્ટ તથા ક્રીમ પેન્ટ પહેરેલું હતું. તેની જમણી આંખની પાંપણ પર વાગ્યાનું જૂનું નિશાન છે. પુત્રનું ગેરકાયદે અટકાયતમાં રાખવાના ઈરાદાથી અપહરણ થયું હોવાનું સ્પષ્ટ થતાં પ્રમોદભાઈ પટવાએ અડાજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તથા કારના નંબરના આધારે અપહરણકારોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.